ગાંધીનગર સમાચાર

**નવા સેક્ટરોમાં ઘણા ઠેકાણે સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા અંધારપટ્ટ**

# બેંકોમાં રૂપિયા ન રહેતા નાગરિકોને ધરમધક્કા

ગાંધીનગર, તા.૨૨

પ્રધાનમંત્રીના નોટબંધીના નિર્ણયને અનુલક્ષી બેંક અને નાગરીકોની હાલત કફોડી બની જવા પામી છે. ૧૩ દિવસનો સમયગાળો પસાર થઈ ગયો પરંતુ જનજીવન થાળે પડતુ નથી. જીવન જરુરીયાતની ચીજવસ્તુ મેળવવા નાગરીકોને ભારે મુશ્કેલી વેઠવી પડે છે. અત્યારે હાલના સમયે પણ મધ્યમ વર્ગ છુટાની પળોજણમાં ભીંસાઈ રહ્યો છે અને પીસાઈ રહ્યો છે. શહેરના નાગરીકોને જોઈએ તેટલા રૂપીયા આજની તારીખે પણ નસીબ થતા નથી. જયારે ખેડુત વર્ગની હાલત કફોડી બની જવા પામી છે. નાગરીકોની ધીરજ ખુટવા પામી છે. બેંકમાં છેલ્લા બે દિવસથી કેશની બુમરાણ ઉભી થઈ છે. ત્યારે નાગરીકોને માત્ર આટાંફેરાને બેંકના આશિર્વાદ મળે છે. બેંકમાં રૂપીયા લેવા ગયેલા ખાતેદારોને બેંક કર્મચારીઓ દ્વારા ઉભા રહો સાહેબ કોઈ ડિપોઝીટ માટે આવે તેમાથી કેટલાક ટકા રકમ આપીએ તેવા જવાબો સાંભળવા મળી રહ્યા છે. ત્યારે બેંકમાં કેશ ન રહેતા બેંક કર્મીઓ પણ બેંકીગની અન્ય કામગીરી પર વળ્યા છે. ત્યારે કેશ ન હોવાથી શહેરની મોટાભાગની બેંક તેમજ સહકારી બેંકો સુમસામ ભાંસી રહી છે. ત્યારે નાગરીકોને જરુરી નાણા કયારે મળશે તેની આશ લગાવીને બેઠા છે. શહેરને ઠેકઠેકાણે આવેલા એટીએમમાં પણ રૂપીયા ના હોવાથી ખાલીખમ છે. ત્યારે જે એટીએમમાં રૂપીયા હોય છે ત્યાં લાંબી લાઈનો નજરે પડે છે.



એક તરફ એટીએમમાં રૂપીયા નથી અને બીજીતરફ બેંકમાંથી એક્ષચેન્જ કરાવેલા રૂપીયા પણ કયારના જીવન જરુરી ચીજવસ્તુની ખરીદી માટે વપરાઈ ગયા છે હવે નવી એક્ષચેન્જ મળતી નથી કે બેંકમાંથી કે એટીએમમાંથી રૂપીયા પણ મળતા નથી. પોતાના જ બેંક ખાતામાંથી રૂપીયા ઉપાડવના જવુ હોય તો નાની સુની બેંકમાં તો રોકડ જ નથી અને મોટી બેંકોમાં ત્રણ કલાકનો સમય વિતી જાય છતા નાગરીકોનો વારો આવતો નથી તેવી સ્થિતિ અત્યારે હાલ પણ છે.

આ સ્થિતિમાં મધ્યમ વર્ગના નાગરીકોએ પોતાનું ઘર કેવી રીતે ચલાવવું તે પ્રશ્ન એ રાતની ઉંઘ હરામ કરી દીધી છે.

## @ગાંધીનગર

● રંજનબેન બ્રહ્મભટ્ટ દ્વારા આનંદનો ગરબો રામેશ્વર મંદિર સે-૩-ડી ખાતે બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે.

### એસ.ટી. બસમાં મુસાફરી કરતા વિદ્યાર્થીને શાળા કોલેજમાંથી ઓનલાઈન મુસાફરી પાસ મળશે

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ(એસ.ટી.)ની બસમાં અભ્યાસ અર્થે નિયમિત મુસાફરી કરતા વિદ્યાર્થીઓને સરકારશ્રી દ્વારા રાહત દરે મુસાફરી પાસ આપવામાં આવે છે. આ મુસાફરી પાસ વિધાર્થીએ જે તે ડેપોમાં જઈને લેવાનો હોવાથી ઘણીવાર મુશ્કેલી પડતી હતી. જે ધ્યાને લઈ ટેકનોલોજીના માધ્યમથી આ પ્રશ્નનું નિરાકરણ લાવવા એસ.ટી.નિગમ દ્વારા શાળા કોલેજ માંથી જ વિદ્યાર્થીને મુસાફરી પાસ મળે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. આ માટે શાળા કોલેજે તેમને લગત વિભાગીય નિયામક-એસ.ટી.નિગમની કચેરી માંથી આઈ.ડી. પાસવર્ડ મેળવવાનાં રહેશે. જેના આધારે ઓનલાઈન મુસાફરી પાસ ઈસ્યુ કરી શકાશે.

### નવા સેક્ટરોમાં ઘણા ઠેકાણે સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા અંધારપટ્ટ

ગાંધીનગર, તા.૨૨

સેકટર-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી ટાઉનશીપ વિસ્તારમાં આજુબાજુના રસ્તાઓ તથા સેકટરોમાં ઘણાં ઠેકાણે આંતરિક સ્ટ્રીટલાઈટ બંધ હાલતમાં છે.

આ શિયાળાની ઋતુમાં બંધ સ્ટ્રીટ લાઈટો ભયજનક પરિસ્થિતિઓ સર્જી શકે છે. સીનીયર સીટીઝન, બહેન, દિકરીઓ મોડી રાત્રે સેકટરમાં પરત ફરતાં કે વહેલી સવારે અવરજવર કરતાં રાહદારીઓ અસુરક્ષા અનુભવે છે.

શહેરમાં હાલ સ્ટ્રીટ લાઈટ ઘણા ઠેકાણે બંધ હાલતમાં છે. બગીચામાં, સરકારી દવાખાનાના રીંગરોડ અને છેવાડાના રસ્તાઓ પર અજવાળુ પથરાય તે માટે મહાનગર પાલિકાના વોર્ડ નં. ૮નાં કાઉન્સિલર પ્રવિણાબેન વોરાએ તંત્ર સમક્ષ રજુઆત કરી છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે હાલમાં કેન્દ્ર સરકાર દ્વારા રૂ. ૫૦૦ અને ૧૦૦૦ની નોટબંધી કરવામાં આવી હોવાથી નવેમ્બર ડિસેમ્બર ૨૦૧૬ના લાઈટ બીલ, પેનલ્ટી વગર વિલંબથી સ્વીકારવા ટોરેન્ટ પાવર કંપનીને સૂચના આપવા પણ વિનંતી કરવામાં આવી હતી જેથી સામાન્ય પ્રજાને રાહત મળી શકે.

# ઘર નજીક ખુલ્લા મેદાનમાં ઉભા રહેવા બાબતે સે-૧૪માં ધિંગાણુ

**મકાનમાં ટ્રેક શુટ બનાવવાનો વ્યવસાય કરતા પરપ્રાંતિય યુવાનો અને સોસાયટીના રહીશો સામસામે આવી જતા પથ્થર મારો : સિલાઈ મશીનો ફેંકી દેવાયા : છની ધરપકડ**

ગાંધીનગર, તા.૨૨

શહેરનાં સેકટર-૧૪ ખાતે એમ.આઈ.જી.ના મકાનોમાં ગઈ મોડી સાંજે ધિંગાણુ થવા પામ્યું હતું. ઘર નજીક ખુલ્લા મેદાનમાં ઉભા રહેલ યુવાનોને ત્યાં ઉભા નહીં રહેવા કહેવાની બાબતે પથ્થરમારો થયો હતો અને ત્યારબાદ પર પ્રાંતિય યુવાનો અને સોસાયટીના રહીશો વચ્ચે ધમાચકડી થતા પોલીસ બોલાવવી પડી હતી. સે-૭ પોલીસે બંને પક્ષોની ફરિયાદ લઈને રાયોટીંગનો ગુનો નોંધી છ શખ્સોની ધરપકડ કરી વધુ તપાસ શરુ કરી છે.

સેકટર-૧૪ સરદાર પટેલ હાઉસિંગમાં મકાન નં. ૯/૯૯ ખાતે રહેતો રાજકુમાર સંતલાલ ચૌધરી સ્પોર્ટસ વિયર ટ્રેક શુટ બનાવવાનું કામ તેન ઘરે જ કરે છે. ગઈ મોડી સાંજે સોસાયટીના કેટલાક યુવાનો ઘર નજીક ખુલ્લા મેદાનમાં ઉભા હતા ત્યારે રાજકુમારે તેમને કહ્યું હતું કે તમે કેમ અહીં ઉભા છો? જતા રહો. આ મામલે બંને વચ્ચે બોલાચાલી થયા બાદ મામલો ગરમાયો હતો અને ઉશ્કેરાટ બાદ મોટી ધમાલ થઈ ગઈ હતી. રાજકુમારની ફરિયાદ મુજબ વિશ્વજીત, આકાશ, તેજસ તથા સોસાયટીના માણસોનું ટોળુ આવ્યું અને મારઝુડ કરીને તેના ઘરમાં પડેલા સિલાઈ મશીનો તોડી ઘરમાં તોડફોડ કરી પથ્થરમારો કર્યો હતો તો બીજી તરફ વિશ્વજીત મહેશભાઈ સોલંકીની ફરિયાદ મુજબ રાજકુમાર, નરેશ, તેજપાલ, વિરેન્દ્ર, સુરેન્દ્ર, મુકેશ અને વિપુલ નામના શખ્સોએ ઉશ્કેરાઈને વિશ્વજીતને તથા તેના મિત્રો અને તેની માતાને ગડદાપાટુનો માર માર્યો હતો. બંનેની ફરિયાદ લઈ સે-૭ પી.આઈ. ડી.ડી. સોઢાએ તટસ્થ તપાસ શરુ કરી છે.



## ઉદ્યોગભવન ખાતે બોર્ડ-નિગમના કર્મચારીઓની જાહેર સભા યોજાશે

ગાંધીનગર, તા.૨૨

રાજય સરકારે રાજયકક્ષાના કર્મચારીઓ-અધિકારીઓને સાતમા પગારપંચના લાભ તા.૧-૧-૧૬ થી આપવામાં આવેલ છે. જેમાં બોર્ડ-નિગમ-સરકારી સાહસો ના કર્મચારીઓ-અધિકારીઓને લાભ ન આપતા સરકારે બેધારી નિતી અપનાવતા કર્મચારી આલમમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.બોર્ડ નિગમના મહામંડળ દ્વારા નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ, નાણા વિભાગના મંત્રી તેમજ અધિક મુખ્ય સચિવને આ અંગે અનેકવાર રજુઆત કરી છતા સાતમા પગારપંચનો લાભ મળ્યો નથી. સરકારના બહેરાકાને કર્મચારીઓની રજુઆત ન સંભળાતા કર્મચારીઓ લડી લેવાના મુડમાં છે.જેને પગલે મહામંડળ દ્વારા આગામી તા. ૨૪ નવેમ્બરને ગુરુવારના રોજ બપોરના ૨ કલાકે ઉદ્યોગભવન ખાતે ગાર્ડનમાં બોર્ડ-નિગમ સરકારી સાહસોના તમામ કર્મચારીઓ, અધિકારીઓની જનરલ સભા બોલાવામાં આવી છે. જેમાં આગામી સમયના કાર્યક્રમો નક્કી કરવામાં આવશે તેમ ગુજરાત રાજય બોર્ડ નિગમ કર્મચારી મંડળના પ્રમુખ પ્રવિણ સુતરીયાએ જણાવ્યું છે.

## આજે ટીંટોડા ખાતે સરકારી આયુર્વેદ દવાખાનાનું ઉદ્‌ઘાટન

કુડાસણ, ટીંટોડા ખાતે તા. ૨૩ નવેમ્બર ૨૦૧૬, બુધવારના રોજ સરકારી આયુર્વેદ દવાખાનું અને આયુર્વેદ નિદાન-સારવાર કેમ્પના ઉદઘાટનનો કાર્યક્રમ રાખેલ છે.

જિલ્લા આયુર્વેદ અધિકારી ડૉ. બી.ટી. પટેલ જણાવે છે કે સરકારી આયુર્વેદ દવાખાનું કુડાસણ અને ટીંટોડાના નવીન મકાનનું બાંધકામ પુર્ણ થયેલ છે. આ દવાખાનાઓના નવીન મકાનના લોકાર્પણ અને તે નિમિત્તે નિઃશુલ્ક આયુર્વેદ નિદાન સારવાર કેમ્પનું આયોજન તા. ૨૩ નવેમ્બર ૨૦૧૬ના રોજ સવારે ૮.૩૦ કલાકે સરકારી આયુર્વેદ દવાખાનું કુડાસણ, ટીંટોડા રાખેલ છે તેનું ઉદઘાટન ડૉ. નિર્મલાબેન વાધવાની, રા.ક. મંત્રી મહિલા અને બાળ વિકાસ વિભાગ અને શંભુજી ઠાકોર, ઉપાધ્યક્ષ, વિધાનસભા ગુજરાત રાજયની પ્રેરક ઉપસ્થિતિમાં રાખેલ છે.

## વાતવાતમાં

● લેકાવાડા ગામે રહેતા ૫૦ વર્ષીય પ્રૌઢને આજે ખેતરમાં સર્પે દંશ દીધો હતો. ખેતરમાં કામ કરતા અન્ય સભ્યો તેમને તાત્કાલિક ગાંધીનગર હોસ્પિટલ સારવાર અર્થે લાવ્યા હતા. પરંતુ સારવાર દરમિયાન આ પ્રૌઢનું મૃત્યુ નિપજયું હતું.

● શહેરની સે-૨૨ દેના બેંક ખાતે બપોરના સુમારે શ્રમિક છકડો લઈને પૈસા ઉપાડવા આવ્યો હતો. બેકમાં માત્ર ૨૦૦૦ની નવી નોટ હોવાથી શ્રમિકને રૂ. ૨૦૦૦ની પાંચ ચલણી નોટ આપી હતી પરંતુ નોટ પોતે કયાં વટાવશે તેવા વિચાર માત્રથી શ્રમિક હેબતાઈ ગયો હતો ત્યારે બહાર ઉભેલ અન્ય નાગરિકોએ નાની ચલણી નોટ આપતા શ્રમિક ખુશ થઈને ઘરે પરત ફર્યો હતો.

### ગાંધીનગર જૈન શ્વે. મૂ.પૂ. સંઘ ખાતે ઉપધાન તપ આરાધનાની પૂર્ણાહુતિ પ્રસંગે માળારોપણ ઉત્સવ યોજાશે

ગાંધીનગર, તા.૨૨

જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ ખાતે તા. ૨૭ અને ૨૮ નવેમ્બરના રોજ ઉપધાનતપ આરાધનાની પૂર્ણાહુતિ પ્રસંગે માળારોપણ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

આ ઉત્સવમાં તા. ૨૭મીએ તપસ્વીઓની શોભાયાત્રા સવારે ૯.૦૦ કલાકે નીકળશે. બપોરે ૧૨.૦૦ કલાકે પધારેલ સર્વેની સાધર્મિક ભકિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે તેમજ બપોરે ૨.૦૦ કલાકે ઉપધાન તપના તપસ્વીઓ તથા લાભાર્થી પરિવારોનું શાહી સન્માન કરવામાં આવશે. તા. ૨૮મીના રોજ સવારે ૮.૩૦ કલાકે માળારોપણ વિધિ કરવામાં આવશે. આ પ્રસંગે સુમિત ગેમાવત તેમની સંગીત પ્રસ્તુતિ રજુ કરશે. બપોરે ૧૧.૩૦ કલાકે પધારેલ સર્વની સાધર્મિક ભકિત કાર્યક્રમ યોજાશે. શ્રીમદ વિજય નરરત્નસૂરીશ્વરજી મહારાજના સાનિધ્યમાં આ સંપૂર્ણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં હજારો જૈન ભકતો દર્શનનો લાભ લેશે.

આ પ્રસંગના મુખ્ય દાતા શ્રમણોપાસક પરિવાર છે અને આ મંગલ પ્રસંગે ગાંધીનગર જૈન શ્વેતાંબર મૂર્તિ પૂજક સંઘ પેઢી દ્વારા સૌને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

## ૩ ડિસેમ્બરના રોજ રાજેન્દ્રપ્રસાદના તૈલચિત્રને પુષ્પાંજલિ

ગાંધીનગર, તા.૨૨

રાજયની ભાવિ પેઢી માટે માર્ગદર્શક અને પ્રેરણારૂપ બની રહેનાર રાષ્ટ્રના મહાનુભાવો અને આઝાદીની ચળવળના સ્વાતંત્ર્ય સેનાનીઓના તૈલચિત્રો વિધાનસભા બિલ્ડીંગમાં મુકવામાં આવ્યા છે. આ મહાનુભાવોને તેમના જન્મદિવસે પુષ્પાંજલિ અર્પિત કરવાનું વિધાનસભા અધ્યક્ષે નક્કી કર્યું છે.



આગામી તા. ૩-૧૨-૨૦૧૬ના રોજ ડૉ. રાજેન્દ્રપ્રસાદનો ૧૩૩મો જન્મદિવસ છે. ડૉ. રાજેન્દ્રપ્રસાદ સ્વતંત્ર ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ હતા. તેઓ ‘ઈન્ડિયા ડિવાઈડેડ’ પુસ્તકના લેખક છે તેમજ તેમણે અન્ય પણ ઘણા સારા પુસ્તકો લખ્યા છે. તેઓ બંધારણસભાના પ્રમુખ પણ હતા. ડૉ. રાજેન્દ્રપ્રસાદના ૧૩૩મા જન્મદિવસે સવારે ૧૧.૦૦ કલાકે વિધાનસભા બિલ્ડીંગમાં પ્રથમ માળે આવેલા પોડિયમમાં તેમના તૈલચિત્રને વિધાનસભા અધ્યક્ષ પુષ્પાંજલિ અર્પિત કરશે.

આ પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા વિધાનસભા સચિવાલયના સચિવ ડી.એમ. પટેલ તરફથી સર્વેને હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# ગિયોડ પાસે લકઝરીની ટકકરે મેકસ જીપ પલ્ટી

**રાજસ્થાનથી મજુરોને લઈને જીપ આવી રહી હતી ત્યારે વહેલી સવારે બનલી ઘટના જીપના ડ્રાઈવરનાં પિતાનું મૃત્યુ : લકઝરી ચાલક ફરાર : આઠ ઘાયલ**

ગાંધીનગર, તા.૨૨

રાજસ્થાન ડુંગરપુર તરફથી ચિલોડા તરફ મેકસ જીપમાં મજુરો ભરીને લવાઈ રહ્યા હતા તે દરમિયાન આજે વહેલી સવારે ગિયોડ પાસે જીપને અકસ્માત નડયો હતો. પાછળથી સડસડાટ આવી રહેલી લકઝરી બસે જીપને ડ્રાઈવર સાઈડથી ટકકર મારતા જીપ પલ્ટી મરી ગઈ હતી. આ ઘટનામાં જીપમાં સવાર જીપ ચાલકના પિતાનું કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે આઠ ઘાયલ થયા હતા તો બીજી તરફ અકસ્માત બાદ લકઝરી સાથે ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે લકઝરી ચાલક સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.



મળતી માહિતી મુજબ ડુંગરપુર ખાતે રહેતા હરિપ્રસાદ કચુરલાલ સરપોટા ગઈ કાલે રાત્રે રાજસ્થાન ડુંગરપુરથી તેમના પિતાને તથા અન્ય મજુરો મળી ૧૧ મુસાફરોને મેકસ જીપમાં બેસાડી અમદાવાદ લાવી રહ્યા હતા. વહેલી સવારે ચાર વાગ્યાના અરસામાં જીપ નં. જીજે ૯ એ.જી. ૮૬૦૧ હિંમતનગર-ચિલોડા હાઈવે પર ગિયોડ પાટીયા પાસે પહોંચી ત્યારે પાછળથી ધસમસતી આવતી લકઝરી બસે જીપને ડ્રાઈવર સાઈડથી જબરદસ્ત ટકકર મારતા ગંભીર અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં જીપ ચાલકના પિતા ૪૮ વર્ષીય કચુરલાલ સરપોટાનું સ્થળ પર જ કરૂણ મૃત્યુ નિપજયું હતું. જયારે અન્ય મુસાફરો પૈકી આઠ ઘાયલ થતા ગાંધીનગર અને અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં સરવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટના બાદ લકઝરી લઈને ડ્રાઈવર ફરાર થઈ ગયો હતો. ચિલોડા પોલીસે જીપ ડ્રાઈવર હરિપ્રસાદની ફરિયાદ લઈ આરોપી લકઝરી ચાલક સુધી પહોંચવા સીસીટીવી ફુટેજ મેળવી ઉંડી તપાસ આરંભી છે.

## પીએનજીનું બીલ રોકડમાં સ્વીકારવા રજુઆત

ગાંધીનગર, તા.૨૨

ગાંધીનગર શહેરમાં મોટા ભાગના ઘરોમાં પાઈપલાઈન દ્વારા પીએનજી ગેસ આપવામાં આવે છે. સેકટર-૫માં પીએનજી પુરુ પાડતી કંપનીની ઓફીસ ખસેડવામાં આવ્યા બાદ અહીં રોકડમાં બીલ સ્વીકારવાની સુવિધા બંધ કરી દેવામાં આવી છે. પીએનજીનું બીલ રોકડમાં સ્વીકારવા મનપાના કોર્પોરેટર પ્રવિણાબેન વોરાએ રજુઆત કરી છે.

ગાંધીનગર નિવૃત્ત કર્મચારીઓ અને સિનિયર સીટીઝન સહિતના નાગરિકની મોટી સંખ્યા ધરાવે છે. સરકારશ્રીની રચનાત્મક પહેલને સારો રીસ્પોન્સ આપે છે.

આ અગાઉ જીએસપીસીની સેકટર-૧૧ની ઓફિસમાં ગ્રાહકોના બીલ રોકડમાં સ્વીકારવામાં આવતા હતા પરંતુ આ કચેરી સેકટર-૫માં સ્થળાંતર થતા ગ્રાહકોના બીલ રોકડમાં સ્વીકારવાની સુવિધા પાછી ખેંચેલ છે જે સુવિધા પુનઃ સ્થાપિત કરવા વિનંતી કરવામાં આવી છે.

જે રીતે ટોરેન્ટ પાવર ખાનગી કંપની હોવા છતા સેકટર-૪ વગેરે જગ્યાએ મોબાઈલ વાનથી ગ્રાહકોના નાણાં સ્વીકારે છે તે રીતે ગુજરાત ગેસ કંપની લી. સરકારશ્રીની સંસ્થા હોવા છતા હાલમાં ગ્રાહકોના નાણાં સેકટરોમાં રૂબરૂમાં સ્વીકારવામાં આવતા નથી તો તકલીફ દુર કરી સીનીયર સીટીઝન સહિતના નાગરિકોના સેકટર-૪ વગેરે જાહેર સ્થળે નાણાં (બીલ) સ્વીકારવા સુવિધા આપવી જોઈએ.

## આજના યુવાનોએ એટીએમ એટલે એટીટયુડ, ટાઈન અને મેન મેનેજમેન્ટને કેન્દ્રમાં રાખવા પડશે : ભાગ્યેશ જહા



ગાંધીનગર, તા.૨૨

જુનિયર ચેમ્બર ઈન્ટરનેશનલ, ગાંધીનગરના પ્રમુખ તરીકે ડૉ. પરાગી જશવંત ગાંધીના સોગંદવિધિ પ્રસંગે મુખ્ય વકતા તરીકે ઉપસ્થિત રહેલ ભાગ્યેશ જહા (મા. મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ ઉપરના અધિકારી અને અધ્યક્ષશ્રી, ગુજરાત સાહિત્ય અકાદમી)એ ઉપરોકત શબ્દો ઉચ્ચારીને વધુમાં જણાવ્યું હતું કે સકારાત્મક સ્વભાવ કેળવવો, આવનાર સમયને ઓળખવો અને માનવીની સંવેદનાઓને સમજીને પ્રેમપૂર્વક જીવવાનું યુવાનોએ કેન્દ્રમાં રાખવું પડશે જે તેમને સાચી દિશા તરફ દોરી જશે.

જેસી પ્રમુખ ડૉ. પરાગી ગાંધીએ નવા વર્ષમાં સ્ટાર્સ અપ, ડીઝીટલ ઈન્ડિયા, મેક ઈન ઈન્ડિયા, સ્વચ્છ ભારત અને સફળ અને સબળ નેતૃત્વના ઘડતરના તાલીમ વર્ગો ઉપર ખાસ ભાર મૂકવામાં આવશે તેમ જણાવ્યું હતું.

આ પ્રસંગે ઝોન પ્રેસીડેન્ટ ડૉ. ભુવન રાવલ, જેસીઆઈ સેનેટર જુગલ કિશોર, સ્થાપક પ્રમુખ કેતન નિર્મળ અને ઝોન વાઈસ પ્રેસીડેન્ટ સુનીલ ગંગવાણી ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ કાર્યક્રમને સફળ બનાવવા પૂર્વ પ્રમુખશ્રીઓ સાત્વિક ત્રિવેદી, કેતન ભાવસાર, પ્રોજેકટ ચેરમેન પદમસિંહ ચૌહાણ તેમજ ટીમના સર્વે સભ્યોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

જેસી સેક્રેટરી દિશા વલ્લભભાઈ દેસાઈએ આભારવિધિ કરી હતી. જયારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન જાણીતા લેખિકા નેહલ ગઢવીએ કર્યુ હતું. આ પ્રસંગે જેસીઝ, રોટરી અને લાયન્સ કલબના પૂર્વ પ્રમુખશ્રીઓ તેમજ મહાનુભાવો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## વિધાનસભાના દંડકના ટાઈપીસ્ટનું માર્ગ અકસ્માતમાં મૃત્યુ

**પાંચ દિવસ પહેલા બોરીજ નજીક ટાઈપીસ્ટના બાઈક સાથે રોંગ સાઈડમાં આવતું એકટીવા ટકરાયું હતું : સારવાર દરમિયાન મૃત્યુ**

ગાંધીનગર, તા.૨૨

ગુજરાત વિધાનસભાના દંડકના ટાઈપીસ્ટ તરીકે કામ કરતા અને ભાજપમાં સક્રિય કાર્યકર પાલજ ગામના વિનોદભાઈ શકરાભાઈ ઠાકોરને ૧૬મીએ અકસ્માત નડયો હતો. ચાર વર્ષના દિકરા મૃગને બાઈક પર બેસાડી સાંજના અરસામાં બોરીજ જૈન દેરાસર સામેના માર્ગ પરથી વિનોદભાઈ જઈ રહ્યા હતા ત્યારે રોંગ સાઈડમાં આવી રહેલા એકટીવાની બાઈકને ટકકર લાગતા વિનોદભાઈ અને તેમનો મૃગ ઘાયલ થયા હતાં. પાંચ દિવસથી આશ્કા હોસ્પિટલમાં જીવનમરણ વચ્ચે ઝોલા ખાઈ રહેલા વિનોદભાઈનું આજે સારવાર દરમિયાન પ્રાણ પંખેરુ ઉડી ગયું હતું. સે-૨૧ પોલીસે ગુનો નોંધીને ઘટનાની તપાસ શરુ કરી છે.

## ચિરવિદાય

- સ્વ. ધવલ રમેશભાઈ દવે, ઉ.વ.૨૨
- સ્વ. વિનોદકુમાર શકરાજી ઠાકોર, ઉ.વ.૩૯
- સ્વ. જશુજી બાબુજી ઠાકોર, ઉ.વ.૪૫
- સ્વ. અમરીબેન રઘુભાઈ દંતાણી, ઉ.વ.૪૯
- સ્વ. દિલીપકુમાર નાથાલાલ પંડ્યા, ઉ.વ.૬૦
- સ્વ. ભીખાજી મંગાજી ઠાકોર, ઉ.વ.૬૦